सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૨૬/૧૧/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૬/૧૧/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન<br>૦૦ – ૦૫ – ૦૫ |

**જામનગરના કર્મચારી વળતરધારા અન્વયેના કમિશ્નરશ્રી, કોર્ટ નં. ૨ સમક્ષ,**

**મુકામ: જામનગર.**

**વ.કો.(ફેટલ) કેસ નં.૧૨/૨૦૨૫**

**આંક: ૧૮**

**અરજદારો :** ગુજરનાર લામકા હરજીભાઈ નાજાભાઈના વારસ:
ભુમીકાબેન હરજીભાઈ લામકા–પત્ની
રહે. ૯૬– શંભુ નગર, નાની માટલી, જામનગર.

**<u>વિરુદ્ધ</u>**

**સામાવાળાઓ :** (૧) મેનેજીંગ ડાયરેક્ટર શ્રી,
પ્રાયોનીયર વીનકોન એનર્જી સીસ્ટમ્સ પ્રા.લી.
બુપથી બિલ્ડીંગ્સ, ૧૭–એ, વિરૂધ્ધુનગર રોડ,
શિવકાશી, તામિલનાડુ

(૨) ડાયરેક્ટર શ્રી, પ્રાયોનીયર વિનકોન,
(યુનિટ ઓફ પારા ઈન્ટરપ્રાઈસિઝ પ્રા.લિ.)
તામરાઈ ટેક પાર્ક, ૭ મો માળ, ૧૬–૨૦ એ
ડેવલોપ પ્લોટસ, જવાહરલાલ નહેરુ સલાય
ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. ગુઈડી, ચેન્નઈ.

(૩) શ્રી કાર્તિકભાઈ
સાઈટ ઈન્ચાર્જ પ્રાયોનીયર વીનકોન
(યુનિટ ઓફ પારા ઈન્ટરપ્રાઈસિઝ પ્રા.લિ.)
નાની માટલી, જામનગર

**<u>વિષય :</u> <u>કામદાર વળતર ધારા અન્વયે અકસ્માત વળતરની રકમ તથા વ્યાજ–પેનલ્ટી ખર્ચ વિ. મળવા અંગે.</u>**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ. વકીલશ્રી પી.આર.જોષી |
| સામાવાળા નં.૧,૨,૩ તરફે | : | વિ. વકીલશ્રી જે.એમ.ખીરા |

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) અત્રેના કેસના અરજદારએ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ તેમની ફરજ દરમિયાન થયેલ મૃત્યુનું વળતર મેળવવા માટેની અત્રેની અરજી કરેલી છે. અરજદારે તેની અરજીમાં જણાવેલી હકીકતો નીચે મુજબ છે.

**<u>અરજદારની અરજીની હકીકતો:–</u>**

(૧.૧) આ કામના ગુજરનાર લામકા હરજીભાઈ નાજાભાઈ સામાવાળા નં. ૧,૨,૩ ની સંસ્થામાં જુનિયર ટેકનીશીયન તરીકે તા. ૦૭/૧૨/૨૦૧૬ થી દૈનિક રૂ. ૩૪૮/– થી વેતન મેળવતા હતા. આ રીતે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે કામદાર–માલિકના સંબંધ ઉત્પન્ન થયેલ.

(૧.૨) અરજદાર વધુમાં જણાવે છે કે, ગુજરનાર પરણિત હતા. અરજદાર ગુજરનારનાં પત્ની થાય છે. અને ગુજરનારના માતા–પિતાનું

અવસાન થયેલ છે. અરજદાર કુંટુંબમાં ૨ બાળકો છે. જેમાં એક પુત્ર તથા એક પુત્રી છે. આમ, ગુજરનારની આવક ઉપર અમો આશ્રીત હતા. હવે જ્યારે કમાનાર વ્યક્તિનું અવસાન થતા અમો આર્થિક મુશ્કેલીમાં મુકાય ગયા છીએ.

(૧.૩) અરજદાર વધુમાં જણાવે છે કે, ગુજરનાર લામકા હરજીભાઈ નાજાભાઈ ગત તા. ૨૦/૦૬/૨૦૨૧ ના રોજ રાત્રીના ૮.૦૦ કલાક થી સવારનાં ૮.૦૦ ની પાળીમાં ફરજ પર હતાં. તે દરમ્યાન રાત્રે ૨૩.૩૦ કલાકે સામાવાળાની કંપનીમા ઇન્ચાર્જની સુચના અનુસાર ગોરાણીયા ગામે પવનચક્કી પર ડીઓ ફ્યુઝની કામગીરી પુરી કરી આવ્યા બાદ એચ.ટી.યાર્ડ પાસે આવેલ ટ્રાંસફોર્મર્સની સીટી-પીટી બ્લાસ્ટ થયેલ, જેનુ ઓઇલ અને આગ ગુજરનારના શરીર પર આવી જતા ગંભીર રીતના દાજી જતા ગુજરનારને પ્રથમ જી.જી. હોસ્પિટલ, જામનગર અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તા. ૨૧/૦૬/૨૦૨૧ ના રોજ લઈ ગયેલ. જ્યાં સારવાર દરમ્યાન તા. ૨૪/૦૬/૨૦૨૧ ના રોજ ૧૫:૩૦ કલાકે અવસાન થયેલ. આમ, સામાવાળાની પ્રિમાઈસિઝમા ચાલુ ફરજે અકસ્માત થતાં સારવાર દરમ્યાન અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

(૧.૪) આ કામના ગુજરનારની ઉંમર બનાવ સમયે ૨૯ વર્ષ ( જન્મ તા. ૨૯/૦૬/૧૯૯૨) હતા. જેનુ દૈનિક વેતન રૂ. ૩૪૮/- હતુ જેથી માસિક રૂ. ૯૦૪૮/- મુજબ કામદાર વળતર ધારાની ગણતરી કરતા ફેક્ટર- ૨૦૯.૯૨ × ૪૫૨૪ (માસિક રૂ. ૯૦૪૮/-ના ૫૦%) મુજબ અકસ્માત વળતરની રકમ રૂ. ૯,૪૯,૬૭૮/- તથા પેનલ્ટી રૂ. ૪,૭૪,૮૩૯/- (રૂા.૯,૪૯,૬૭૮/-ના ૫૦% લેખે) વત્તા વ્યાજ ૧૨% લેખે તા. ૨૩/ ૦૭/૨૦૨૧ થી તા. ૩૧/૦૭/૨૦૨૫ સુધીના રૂ. ૪,૫૫,૮૪૫/- વ્યાજ સહિત આમ કુલ રૂ. ૧૮,૮૦,૩૬૨/- મેળવવા અમો હક્કદાર છીએ.

(૧.૫) અરજદાર વધુમાં જણાવે છે કે, સામાવાળાઓ દ્વારા આજદિન સુધી વળતરની રકમ ચુકવેલ ન હોય, હાલની વળતર અરજી અરજદારે ૨ વર્ષની સમયમર્યાદામાં કરવાની હતી પરંતુ સામાવાળાઓએ વળતર જમા

કરાવવા બાબતે વચન આપેલ હતુ, પરંતુ તા.૨૮/૦૪/૨૦૨૫ ના સામાવાળાના પત્ર કે જે રીઝયોનલ પી.એફ. કમિશ્નર, ચેન્નઈ ને ઉદેશીને લખેલ છે તેમાં અરજદારના પતિનો ડેથ કલેઈમ મંજુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ હોય, આ અરજી લાવવાની ફરજ પડેલ છે. જેથી આપ નામ.કોર્ટને આ સાથે ડીલે કોન્ડોન કરી આપવાની અરજી સામેલ રાખેલ છે. જેથી અમો ગરીબને આર્થિક મદદ મળી શકે.

(૧.૬) આ કામે અકસ્માત ચાલુ ફરજ દરમ્યાન અને ચાલુ ફરજના ભાગરૂપે બનેલ હોય તેથી આ કામ ના સામાવાળાઓ કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની રકમ રૂ.૧૮,૮૦,૩૬૨/-, ૧૮% વ્યાજ તથા ૫૦% પેનલ્ટી ખર્ચ ચુકવવા જવાબદાર થયેલ હોવાની દાદ માંગેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને અત્રેની અરજીની નોટિસ બજી જતા સામાવાળાનાઓએ હાજર થઈ આંક-૧૧ થી તેમનો જવાબ રજુ કરેલ છે. જેની હકીકત એવી છે કે,

**<u>સામાવાળા નં.૧, ૨ તથા ૩ ના જવાબની હકીકતો</u>** :

(૨.૧) આ કામે સામાવાળાનાઓ આંક-૧૧ થી જવાબ રજુ કરી જણાવે છે કે, અરજદારની અરજી કાયદેસરની કે શુધ્ધ બુધ્ધીપુર્વકની ન હોય, અરજદારની અરજીને પક્ષકારની ખામીનો બાધ નડતો હોય, હાલની અરજી લાવવા કોઈ કાયદેસરનું કે યોગ્ય કારણ ન હોય, જેથી આ અરજી રદ થવા પાત્ર છે. અરજદાર દ્વારા રજુ કરેલ વળતરની માંગણી મુજબની રકમ કે વ્યાજ તથા પેનલ્ટી મળી રૂ. ૧૮,૮૦,૩૬૨/- મુજબની રકમ મેળવવા હક્કદાર હોવાની હકીકત ખરી નથી.

(૨.૨) ખરી હકીકતે આ કામના અરજદારને તેમના પતિના અવસાન બાદ તેમની બાકી નિકળતી રકમો પૈકીની પગાર, ગ્રેચ્યુઈટી અને અન્ય લાભો પેટે તા.૨૩/૦૯/૨૦૨૧ ના રોજ તથા વળતર પેટેની લમસમ રકમ રૂ. ૫,૦૦,૦૦૦/- તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ ફુલ એન્ડ ફાઈનલ

સેટલમેન્ટ કરીને મેળવી લીધેલ છે. તેમજ તા. ૧૭/૦૭/૨૦૨૫ ના રૂ. ૩,૪૦,૦૦૦/– પ્રો.ફંડના સેટલમેન્ટ તરીકે વસુલ મેળવી લીધેલ છે. આમ, અરજદારે તેની બાકી નિકળતી તમામ રકમ, પી.એફ અને વળતર પેટે ફાઇનલ સેટલમેન્ટ કરી પોતાની રકમો વસુલ મેળવી લીધેલ છે. આ કામના અરજદારે તેમની અરજીમાં જણાવાયા મુજબનું અરજીનું કારણ ખરૂ ન હોય તેમજ અરજદારે તમામ રકમ મેળવી લીધેલ હોવા છતાં નામદાર કોર્ટ સમક્ષ લાંબા સમય બાદ ખોટી હકીકતો વાળી હાલની અરજી લાવેલ હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે. અરજદારના પતિ પોતાની ફરજ દરમ્યાન રાખવાની થતી યોગ્ય સુરક્ષા ન રાખવાના કારણે પોતાની અંગત બેદરકારીના કારણે અકસ્માતનો ભોગ બનેલ છે. આ કામના અરજદારને ૮(અ,બ,ક) કે કોઇપણ પ્રકારની દાદો મેળવવા હક્કદાર થતા ન હોય અરજી ખર્ચ સહિત રદ કરવા નમ્રઅરજ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર ભુમિકાબેન હરજીભાઈ લામકાનું પુરાવાનું સોગંદનામું | ૧૪ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુજરનારના મરણ પ્રમાણપત્રની નકલ | ૨/૧ |
| ૨. | ગુજરનારના ઈજાગ્રસ્ત સમયના ૩ ફોટોગ્રાફ્સ | ૨/૨ |
| ૩. | સામાવાળાએ ગુજરનારને આપેલ એપોઇમેન્ટ લેટરની નકલ | ૨/૩ |
| ૪. | સામાવાળાએ ગુજરનારના પગાર વધારા કર્યાનો લેટર | ૨/૪ |
| ૫. | ગુજરનારના આધારકાર્ડની નકલ | ૨/૫ |
| ૬. | ગુજરનારને સામાવાળા સંસ્થાએ આપેલ આઈ.કાર્ડની નકલ | ૨/૬ |
| ૭. | ગુજરનારના રેશનકાર્ડની નકલ | ૨/૭ |
| ૮. | ગુજરનારના પી.એમ.રીપોર્ટની નકલ | ૨/૮ |
| ૯. | ગુજરનારના પત્નીના આધારકાર્ડની નકલ | ૨/૯ |

| | | |
|---|---|---|
| ૧૦. | ગુજરનારના પુત્રના આધારકાર્ડની નકલ | ૨/૧૦ |
| ૧૧. | ગુજરનારના પુત્રીના આધારકાર્ડની નકલ | ૨/૧૧ |
| ૧૨. | ગુજરનારના અક્સ્માત સંબંધે ફરીયાદ,પોલીસ પંચનામું વગેરે | ૨/૧૨ |
| ૧૩. | પોલીસ પંચનામાની નકલ | ૨/૧૩ |
| ૧૪. | ગુજરનારની લાશ સોંપ્યાની પહોંચ | ૨/૧૪ |
| ૧૫. | સિવિલ ઓ.પી.ડી. શાહીબાગ પોલીસની એન્ટ્રી પહોંચ | ૨/૧૫ |
| ૧૬. | પોલીસ ઇન્કવેસ્ટ પંચનામું તથા તપાસના કાગળો મળવા કરેલ અરજીની નકલ | ૨/૧૬ |
| ૧૭. | તપાસ સારૂ મોકલેલ શબની સાથે સિવિલ સર્જન તરફે મોકલ્યાનો પોલીસ રીપોર્ટ | ૨/૧૭ |
| ૧૮. | ગુજરનારના વિધવા પત્ની દ્વારા એડવોકેટ પંકજભાઈ જોષી મારફત સામાવાળાઓને આપેલ લિગલ નોટીસ | ૨/૧૮ |
| ૧૯. | રજી.એડી.થી મોકલેલ પોસ્ટની પહોંચ | ૨/૧૯ |
| ૨૦. | ગુજરનારના પિતાના મરણના દાખલાની નકલ | ૨/૨૦ |
| ૨૧. | ગુજરનારના માતાના મરણના દાખલાની નકલ | ૨/૨૧ |
| ૨૨. | પાયોનીયર વિનકોન એનર્જી સિસ્ટમ્સ પ્રા.લી. દ્વારા રીજીઓનલ પી.એફ. કમિશ્નર ચેન્નઈને લખેલ પત્ર | ૨/૨૨ |
| ૨૩. | અરજદાર તરફે કલોઝિંગ પુરસીસ | ૧૫ |

(૪) આ કામે સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક ૧૨ થી અરજદારને ચુકવેલ રકમના ચેકની નકલ તથા આંક ૧૭ થી તરફે કલોઝિંગ પુરસીસ આપેલ છે.

(૫) આ કામે અરજદાર તથા સામાવાળાઓ તરફે વિ.વકીલશ્રીઓની વિગતવારની દલીલો સાંભળી, જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવશે.

(૬) આ કામે આ અદાલતે આંક–૧૩ થી મુદ્દાઓ કાઢેલા છે. જે નીચે મુજબ છે.

## –:: <u>મુદ્દા</u> ::–

**૧.** શું અરજદારપક્ષ સાબિત કરે છે કે, ગુજરનાર–સામાવાળા વચ્ચે નોકર–માલિકનો સંબંધ હતો તથા તેઓ કામદાર વળતર ધારાની કલમ–૨ અન્વયે કામદાર/કર્મચારી હતા?

**૨.** શું અરજદારપક્ષ સાબિત કરે છે કે, અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો થાય છે?

**૩.** શું અરજદારપક્ષ સાબિત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સંસ્થાની ફરજ દરમ્યાન, ફરજના ભાગરૂપની કામગીરી દરમ્યાન થયેલ છે?

**૪.** શું અરજદારપક્ષ સાબિત કરે છે કે, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર તથા માસિક આવક શું હતી?

**૫.** શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી વળતર મેળવવા હક્કદાર છે? જો હા તો કોની પાસેથી કેટલી રકમ?

**૬.** શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી વ્યાજ અને દંડ (પેનલ્ટી) ની રકમ મેળવવા હક્કદાર છે? જો હા તો કોની પાસેથી કેટલી રકમ?

**૭.** શું આખરી હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય તથા તેના કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. ઉંમર ૨૯ વર્ષ અને પગાર માસિક રૂા.૧૦૭૦૦/–

૫. હકારમાં

૬. અંશત: હકારમાં

૭. આખરી હુકમ મુજબ

## – : : નિર્ણયના કારણો : :–

### મુદ્દા નં. ૧ અને ૩ :–

(૯) અત્રેના કેસમાં અરજદારે તેમની આંક ૧ ની અરજીમાં જણાવેલું છે કે, ગુજરનાર હરજીભાઈ નાજાભાઈ લામ્કા સામાવાળાઓની કંપનીમાં જુનીયર ટેકનીશીયન તરીકે ૨૦૧૬ થી કામ કરતા હતા અને બનાવ તા.૨૦/૦૬/ ૨૦૨૧ ના રોજ રાત્રીના તેઓ પોતાની ફરજ પર હતા તે દરમ્યાન અકસ્માતે ટી.સી. બ્લાસ્ટ થતાં ગુજરનાર ગંભીર રીતે દાઝી ગયેલ અને તેઓનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ. આ કામે સામાવાળાઓએ તેના જવાબમાં આ હકીકતો સાચી હોય કબુલ રાખેલ છે. આથી ગુજરનાર સામાવાળાઓના કામદાર હોવા અંગે તથા તેનું અવસાન તેની ચાલુ ફરજ દરમ્યાન માલિક ની સુચના મુજબ કામ કરતા થયેલ હોવાનું પુરવાર થતું હોય મુદ્દા નંબર ૧ અને ૩ નો જવાબ હકારમાં ઠરાવું છું.

### મુદ્દા નં. ૨ :–

(૧૦) આ કામે અરજદારો તરીકે ગુજરનારની પત્નીએ પોતાની અરજીમાં જણાવેલ છે કે, ગુજરનાર હરજીભાઈ નાજાભાઈ લામ્કા તેઓના પતિ થાય છે અને તેઓને બે સંતાનો છે. જે સગીર સંતાનોને આ કામે અરજદાર તરીકે જોડેલ નથી પરંતુ આંક ૩ ની ફોટો પુરશીસથી જાહેર કરેલ છે. આ કામે સામાવાળાઓએ તેના જવાબમાં આ હકીકતો સાચી હોય કબુલ રાખેલ છે. આ અંગેની કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આથી આ કામના અરજદાર તથા ગુજરનારના સગીર સંતાનો ગુજરનારની આવક ઉપર આધારીત હોવાનું અને તેથી તેઓ ગુજરનારના આશ્રીત હોવાની હકીકત પુરવાર થતી હોવાથી મુદ્દા નં.૨ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૪ :–**

(૧૧.૧) **બનાવ સમયે ગુજરનારની ઉંમર :–**

અત્રેના કેસમાં અરજદારોએ તેમની આંક ૧ ની અરજી તથા પુરાવામાં જણાવેલું છે કે, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૯ વર્ષ હતી. અરજદારે નિશાની ૨/૫ થી ગુજરનારનું આધારકાર્ડ રજુ કરેલ છે. જેમાં ગુજરનારની જન્મ તારીખ ૨૯.૦૬.૧૯૯૨ ની લખેલી છે. જેના ખંડનમાં સામાવાળાઓ ધ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી કે તેઓને આ અંગે કોઈ તકરાર પણ નથી. ગુજરનારને થયેલ અકસ્માતનો બનાવ તા.૨૦/૦૬/૨૦૨૧ ના રોજ બનેલો છે તે ધ્યાને લેતાં અકસ્માતની તારીખે ગુજરનારની ઉંમર ૨૯ વર્ષ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૧.૨) **પગારની વિગત :–**

વધુમાં અરજદાર ધ્વારા પોતાની અરજી અને પુરાવાના સોગંદનામામાં ગુજરનાર માસિક રૂા.૯૦૪૮/– કમાતા હતા તેવી રજુઆત કરેલ છે. આ કામે અરજદારે ગુજરનારની આવકના પુરાવામાં ગુજરનારની પગાર સ્લીપ અને એપોઈનટમેન્ટ લેટર ( નિશાની ૨/૪) રજુ કરેલ છે. જેમાં તેનો માસિક પગાર રૂા.૧૦૭૦૦/– હોવાનું જણાવેલ છે. આ પુરાવો સામાવાળા કંપનીએ આપેલ હોવાથી તેના ખરાપણાં વિશે કોઈ શંકા ઉભી થતી નથી. વધુમાં આ હકીકતના ખંડનમાં સામાવાળાઓ ધ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી કે તેઓને આ અંગે કોઈ તકરાર પણ નથી. આ કાયદાનો ઉદ્દેશ કામદારના હીતોની રક્ષા કરવાનો અને તેના કલ્યાણનો છે. આથી ભલે અરજદારે તેની અરજીમાં ગુજરનારના પગારની રકમ ઓછી બતાવેલ હોય પરંતુ આ અદાલત ની ફરજ છે કે રેકર્ડ પર આવેલ પગારની હકીકત ધ્યાને લેવી જ જોઈએ. વધુમાં અકસ્માત સમયના લઘુતમ વેતનના દરો ધ્યાને લેવામાં આવે તો પણ ગુજરનારનો માસિક પગાર રૂા.૧૦,૭૦૦/ હોવાની હકીકત માની શકાય તેમ

નથી. આથી ગુજરનારની માસિક આવક રૂા.૧૦૭૦૦/– હોવાનું માની મુદ્દા નંબર ૪ નો જવાબ તે રીતે હકારમાં ઠરાવવામાં આવે છે.

## મુદ્દા નં. ૫ થી ૭ :–

(૧૩.૧) ઉપરોકત મુદ્દાઓમાં ઠરાવ્યા મુજબ ગુજરનાર સામાવાળાઓના કામદાર હોવાનું અને અરજદારો ગુજરનારના આશ્રિત હોવાનુ તથા ગુજરનારનું અવસાન સામાવાળાઓની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલ હોવાની હકીકત પુરવાર થયેલી છે. જેથી અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થયેલા છે. વધુમાં મુદ્દા નંબર ૩ માં ઠરાવ્યા મુજબ ગુજરનારનો માસીક પગાર રૂા.૧૦૭૦૦/– ધ્યાને લઈ તેના ૫૦ ટકા રૂા.૫૩૫૦/–અને ગુજરનારની અકસ્માત સમયે ઉંમર ૨૯ વર્ષનું ફેકટર રૂા.૨૦૯.૯૨ ધ્યાને લેતાં મળવાપાત્ર રકમ રૂા.૧૧,૨૩,૦૭૨/– થાય છે.

(૧૩.૨) અત્રેના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે સામાવાળાઓ ધ્વારા વળતરની રકમ કે તે પૈકીની કોઈ રકમ આજ દીન અત્રેની કમિશ્નર કચેરીમાં અનામત મુકવામાં આવી નથી.

વધુમાં આ કામના અરજદાર વળતરની રકમ ઉપર કોઈ વ્યાજ મેળવવા હકકદાર થાય છે કે કેમ તે અંગે જોઈએ તો નામદાર સુપ્રિમકોર્ટના ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની વિરૂધ્ધ સી.બી.જયોર્જ, 2012(3) LLJ 609 SC માં પ્રસ્થાપીત કર્યા મુજબ વ્યાજ ગણવા માટે અરજીની કે હુકમની તારીખ નહી પરંતું અકસ્માત થયાની તારીખ ધ્યાને લેવાની રહે છે. તેમજ તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **2022 (0) AIJEL-SC-68515** પર પ્રસિધ્ધ થયેલ શોભા વિ.ચેરમેન વિઠ્ઠલરાવ શીંદે સહકારી સાકર કારખાના લી. ના ચુકાદામાં અકસ્માત તારીખથી ૧૨% લેખે વ્યાજ સહીત વળતર મેળવવા હકકદાર થાય છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે. પરંતુ આ કામે રેકર્ડ પરની હકીકત જોતાં અરજદારે

હાલની વળતર અરજી વિલંબથી કરેલ હોય અરજદાર અકસ્માતની તારીખથી નહી પરંતુ તેઓએ કરેલ વિલંબ માફ કરવાની અરજી પર થયેલ હુકમ તા.૨૫/૧૧/૨૦૨૫ થી વળતરની રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે. આથી અરજદાર આ કામના સામાવાળાઓ સંયુકત અને વિભકતરીતે ગુજરનારના અવસાન બદલ વળતરની રકમ રૂ.૧૧,૨૩,૦૭૨/– ઉપર તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજથી વળતરની રકમ વસુલ થાય ત્યાં સુધી કાયદા ની કલમ– ૪ એ (૩–એ) મુજબ વાર્ષીક ૧૨% લેખે સાદું વ્યાજ મેળવવા હકકદાર થાય છે.

(૧૩.૩) આ કામે કાયદાની કલમ ૪એ (૩–બી) મુજબની અકસ્માત તારીખથી એક માસમાં વળતરની રકમ અત્રેની કામદાર વળતર કમિશ્નરની કચેરીમાં જમાં કરાવવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે રેકર્ડ જોતાં સામાવાળાઓએ અરજદારને તેના પતિના અવસાન બદલ લમસમ વળતર તરીકે રૂ.પાંચ લાખ ચુકવેલ હોય તેના ચેકની નકલ આંક ૧૨ ના લીસ્ટ થી રજુ કરેલ છે. અરજદાર તરફે આ વળતરની રકમ ન મળેલાની કોઈ રજુઆત નથી. આથી હવે આ વળતરની રકમને કઈ રીતે ધ્યાને લેવી તેની જોગવાઈ આ કાયદાની કલમ ૮ માં કરવામાં આવેલ છે જે સગવડતાં ખાતર અહી ટાંકેલ છે.

**વિભાગ ૮: વળતરનું વિતરણ**

[(૧) જે કર્મચારીની ઈજા મૃત્યુમાં પરિણમી હોય તેના સંબંધમાં વળતરની ચુકવણી નહીં, અને કોઈ મહિલા અથવા કાનૂની અપંગતા હેઠળની વ્યક્તિને વળતર તરીકે એકમ રકમની ચુકવણી કમિશનર પાસે જમા કરાવવા સિવાય અન્યથા કરવામાં આવશે નહીં, અને નોકરીદાતા દ્વારા સીધી રીતે કરવામાં આવતી આવી કોઈ ચુકવણી વળતરની ચુકવણી માનવામાં આવશે નહીં:

[પરંતુ, મૃત કર્મચારીના કિસ્સામાં, નોકરીદાતા વળતર તરીકે કોઈપણ આશ્રિતને એડવાન્સિસ આપી શકે છે.] [આવા કર્મચારીના ત્રણ મહિનાના વેતન જેટલી રકમ અને તેટલી

રકમ] જે તે આશ્રિતને ચૂકવવાપાત્ર વળતર કરતાં વધુ ન હોય તે કમિશનર દ્ધારા આવા વળતરમાથી કાપી લેવામાં આવશે અને માલિકને ચૂકવવામાં આવશે.]

આ કામે સામાવાળાઓએ અરજદારને ચુકવેલ વળતરની રકમ અરજદારને મળવાપાત્ર કુલ રકમમાંથી બાદ થવી જોઈએ તેવું આ કલમની જોગવાઈ પરથી સ્પષ્ટ થાય છે.

(૧૪) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર સામાવાળાઓ પાસેથી રૂા.૧૧,૨૩,૦૭૨/- વસુલ મેળવવા હકકદાર થયેલ છે જેમાંથી અરજદારને ચુકવેલ વળતર રૂા.પાંચ લાખ બાદ કરતાં બાકીની રકમ ઉપર તારીખ ૨૫/૧૧/૨૦૨૫ થી ખરેખર રકમ ચુકવવામાં આવે તે તારીખ સુધીના ૧૨% લેખે થતી વ્યાજની રકમ આ કામના સામાવાળાઓએ અરજદારને ચુકવી આપવા જવાબદાર બનેલ છે. જેથી ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નંબર ૫ નો જવાબ હકારમાં અને મુદ્દા નંબર ૬ નો જવાબ અંશતઃહકારમાં ઠરાવી મુદ્દા મુદ્દા નંબર ૭ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

**૧.** અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે. આ કામના અરજદાર તથા તેના સગીર સંતાનો ગુજરનાર હરજીભાઈ નાજાભાઈ લામ્કાના આશ્રીતો તરીકે વળતર મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**૨.** અરજદારો ગુજરનાર હરજીભાઈ નાજાભાઈ લામ્કાના અવસાન બદલ સામાવાળાઓ પાસેથી રૂા.૧૧,૨૩,૦૭૨ -રૂા.૫,૦૦,૦૦૦=

રૂા.૬,૨૩,૦૭૨/−(અંકે રૂપિયા છ લાખ ત્રેવીસ હજાર બોતેર પુરા) વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**૩.** અરજદારો ગુજરનાર હરજીભાઈ નાજાભાઈ લામ્કાના અવસાન બદલ સામાવાળાઓ પાસેથી વિલંબ માફ કરવાની અરજી પર થયેલ હુકમ તારીખ ૨૫.૧૧.૨૦૨૫ થી ઉપરોકત વળતરની રકમ ખરેખર વસુલ થતાં સુધીના સમયગાળાના ૧૨% ના સાદા વ્યાજની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**૪.** આ અરજીના ખર્ચ પટે સામાવાળાઓએ અરજદારને રૂપિયા રૂા.૫,૦૦૦/− (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે સામાવાળાઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**૫.** આ કામના સામાવાળાઓએ હુકમ મુજબની વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ હુકમ તારીખથી દિન−૩૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

**૬.** રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ−૩૨ મુજબ નિયમો અનુસાર ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧ લી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
જીજે−૦૧૨૯૮

મિતલ એમ. સાદિયા
(સ્ટેનોગ્રાફર)